ગુજરાતી

# સાહિત્ય પરિચય

ધોરણ-છઠ્ઠું




सा विद्या या विमुक्तये

१९६७ २०१७

बालभारती

सुवर्णमहोत्सव

# ચિત્રવાર્તા



મંજૂરી ક્રમાંક : મરાશૈસંપ્રપ/અવિવિ/શિપ્ર/૨૦૧૫-૧૬/૧૬૭૩ દિનાંક ૬.૪.૨૦૧૬

# ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ-છઠ્ઠું




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૬

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય | : | સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રી. ઇલેશકુમાર આર. ગાંધી |
| ગુજરાતી અભ્યાસજૂથ સદસ્ય | : | સુશ્રી. ઇલા શુક્લ<br>શ્રીમતી ભગવતી એ. પંડ્યા<br>ડૉ. દિપ્તી શુક્લ<br>કેતકી નિતેશ જાની,<br>સદસ્ય-સંયોજક |
| સંયોજન પ્રમુખ | : | કેતકી નિતેશ જાની<br>વિશેષાધિકારી ગુજરાતી,<br>પાઠ્યપુસ્તક મંડળ,<br>પુણે-૪ |
| ચિત્રાંકન અને મુખપૃષ્ઠ | : | શ્રી. વિલાસ કેરકર, મુંબઈ |
| નિર્મિતિ | : | શ્રી. સચ્ચિતાનંદ આફળે,<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>શ્રી. સંદીપ આજગાંવકર,<br>નિર્મિતિ અધિકારી |
| અક્ષરાંકન | : | ગુજરાતી વિભાગ,<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪ |
| કાગળ | : | ૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ |
| મુદ્રણાદેશ | : | N/PB/2016-17/ |
| મુદ્રક | : | |
| પ્રકાશક | : | શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ-૨૫. |


## પ્રસ્તાવના

'રાષ્ટ્રીય શૈક્ષણિક રૂપરેખા-૨૦૦૫' અને 'બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ - ૨૦૦૯' અનુસાર મહારાષ્ટ્ર રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ-૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ સરકારમાન્ય અભ્યાસક્રમની કાર્યવાહી ૨૦૧૩ના શાલેય વર્ષથી ક્રમશઃ શરૂ થઈ ગઈ છે. આ સરકારમાન્ય અભ્યાસક્રમ ઉપર આધારિત અંગ્રેજી માધ્યમના ધોરણ છઠ્ઠા માટે સંયુક્ત ભાષા ગુજરાતીનું સાહિત્ય પરિચયનું પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતા અમને આનંદ થાય છે.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા બાલકેંદ્રી તેમજ આનંદદાયી બની રહે, સ્વયંઅધ્યયન ઉપર ભાર આપવામાં આવે, તેવા વ્યાપક દૃષ્ટિકોણથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ ધોરણની આખરે વિદ્યાર્થીઓએ કઈ ક્ષમતા પ્રાપ્ત કરવી તે દર્શાવતા ભાષાવિષયક અપેક્ષિત ક્ષમતા વિધાનોનો પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સંયુક્ત ભાષા શીખનાર વિદ્યાર્થીઓના ભાવવિશ્વને ધ્યાનમાં રાખીને આ પાઠ્યપુસ્તકમાં ગદ્ય અને પદ્ય કૃતિઓને પસંદ કરવામાં આવ્યા છે. ભાષિક કૌશલ્યોના વિકાસ માટે નવિનતા સભર સ્વાધ્યાયો, પ્રસ્તાવના અંતર્ગત કૃતિઓ, પ્રકલ્પો તેમજ સંભાષણની પ્રવૃત્તિઓ આપેલા છે. શિક્ષકોના માર્ગદર્શન માટે દરેક કૃતિના અધ્યાપન માટે અધ્યાપન સંકેત આપેલા છે. હું વાંચું ... તમે પણ વાંચો શીર્ષક હેઠળ નવીનતમ માહિતી આપેલી છે. તેથી તે વાંચીને બાળકો વધારે વાંચન માટે પ્રેરણા મેળવે. શબ્દરમત અને કહેવતોની વાર્તાના ઉપક્રમો આપી પાઠ્યપુસ્તકને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી ભાષા સમિતિના તેમજ અભ્યાસજૂથના સદસ્યો અને ચિત્રકારના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તક ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને તે માટે મહારાષ્ટ્રના દરેક ભાગમાંથી શિક્ષકો, વિષયતજ્જ્ઞો પાસે સમીક્ષણ કરાવ્યા પછી આવેલી સૂચના અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કર્યા પછી આ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષા સમિતિના તેમજ અભ્યાસજૂથના સદસ્યો, ચિત્રકાર, નિમંત્રિત તજ્જ્ઞો અને સમીક્ષકો બધાનું મંડળ અંતઃકરણપૂર્વક આભારી છે. વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ આ પુસ્તકનું સ્વાગત કરશે, તેવી આશા છે.

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪.

પુણે
તારીખ : ૯ મે ૨૦૧૬, અખાત્રીજ
ભારતીય સૌર : ૧૯, વૈશાખ, ૧૯૩૮

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અપેક્ષિત અભ્યાસ ક્ષમતા

| ક્ષેત્રો | ક્ષમતા |
| --- | --- |
| શ્રવણ | ❖ સૂચના સમજે.<br>❖ સાંભળેલી સૂચના સમજે.<br>❖ ઘર-પરિસરમાં થતાં અનૌપચારિક સંભાષણ સાંભળીને સમજે.<br>❖ રમૂજ, ગીતો, કવિતા ધ્યાનથી સાંભળી આનંદ લે. |
| ભાષણ સંભાષણ | ❖ કવિતા, ગીતો યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે આનંદથી ગાઈ શકે.<br>❖ મોટી વ્યક્તિ સાથે આદરથી બોલી શકે.<br>❖ મિત્રો સાથે જૂથચર્ચામાં પોતાની બાજુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે.<br>❖ નાની વાર્તા કહી શકે.<br>❖ આપેલા શબ્દ, સરળ શબ્દસમૂહ કે રૂઢિપ્રયોગનો વ્યવહારમાં બોલતી વખતે સહજ ઉપયોગ કરી શકે.<br>❖ પોતાના અનુભવ સ્પષ્ટ રીતે બોલી શકે.<br>❖ ચિત્રવર્ણન કરી શકે. |
| વાંચન | ❖ યોગ્ય ગતિમાં સમજપૂર્વક પ્રકટવાંચન કરે.<br>❖ યોગ્ય ગતિમાં સમજપૂર્વક મૂકવાંચન કરે.<br>❖ પાઠ્યપુસ્તકમાંની બધી અને પાઠ્યપુસ્તક બહારની સરળ શબ્દોવાળી કવિતા વાંચે.<br>❖ વાર્તા, સંવાદ, પાઠ વાંચીને તેનો આનંદ લે.<br>❖ સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજીને વાંચે.<br>❖ વર્તમાન પત્રો, માસિકમાંથી બાળ સાહિત્યનાં ગીતો/વાર્તા વાંચે, સમજે અને આસ્વાદ લે.<br>❖ ટૂચકા વાંચીને તેમાંની મજા લે. |
| લેખન | ❖ બે શબ્દોમાં યોગ્ય અંતર રાખી લખે.<br>❖ સરળ પરિચ્છેદનું સાચું અનુલેખન અને શ્રુતલેખન કરે.<br>❖ આપેલા વિષય પર આઠ-દસ સરળ વાક્ય લખી શકે.<br>❖ અનુભવેલો પ્રસંગ સરળ શબ્દોમાં સ્પષ્ટ લખે.<br>❖ આપેલા વિષય પર ટૂંકો સંદેશો લખી શકે.<br>❖ અધૂરી વાર્તા પૂરી કરે, સુવિચાર લખી શકે.<br>❖ પોતાના શબ્દોમાં ચિત્રવર્ણન કરી શકે. |

| ક્ષેત્રો | ક્ષમતા |
|---|---|
| અધ્યયન કૌશલ્ય | ❖ સરળ શબ્દસમૂહ અને કહેવતોનો રોજબરોજના જીવનમાં સરળ ઉપયોગ કરે.<br>❖ ચિત્રનું નિરીક્ષણ કરી વર્ણનાત્મક રીતે ટૂંકમાં લખે.<br>❖ ભાષા સમૃદ્ધિ માટે વિવિધ બાલસાહિત્ય અને સંસ્કાર પોષક સાહિત્યના સંગ્રહ માટે તત્પર થાય.<br>❖ સુવિચાર, સંદેશ, વાર્તા સરળતાથી વ્યક્ત કરે. |
| ભાષાભ્યાસ | ❖ શબ્દકોયડા ઉકેલી શકે.<br>❖ મોબાઈલમાં જે–તે વિષય સાથે સંબંધિત વાર્તાલાપ સહજતાથી કરી શકે.<br>❖ સર્વનામ ઓળખી વાક્યમાં વાપરી શકે.<br>❖ વિશેષણ ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરી શકે.<br>❖ અંત સમાન હોય તેવા શબ્દો લખે.<br>❖ આપેલા શબ્દોનાં લિંગ, વચન ઓળખે.<br>❖ કાળના મુખ્ય પ્રકાર સમજી વાક્યના કાળ ઓળખે.<br>❖ શુદ્ધ લેખનના નિયમાનુસાર લખી શકે. |

## અનુક્રમણિકા


| અ.ક્ર. | ગદ્ય/પદ્ય | લેખક/કવિ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | હે શારદે મા | ........ | 1 |
| ૨. | ટબૂડિયો અને શાકભાજી | ........ | 5 |
| ૩. | વાદળાં વરસે છે | કરસનદાસ લુહાર | 10 |
| ૪. | અપશુકનિયાળ કોણ ? | ........ | 14 |
| | ઉપક્રમ – ૧ | | 19 |
| ૫. | બહાદુર બાળા | કનૈયાલાલ જોશી | 20 |
| ૬. | અમે મૈયારાં | નરસિંહ મહેતા | 25 |
| ૭. | અમે કમર કસી | બળવંત એમ. પરમાર | 29 |
| ૮. | તેનાલીરામન | ધીરજ બ્રહ્મભટ્ટ | 32 |
| | ઉપક્રમ – ૨ | | 38 |

# ૧. હે શારદે મા

♦ કૃતિ કરો.

● યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
| --- | --- |
| ૧) વિદ્યાની દેવી | અ) લક્ષ્મી માતા |
| ૨) પૈસાની દેવી | બ) દુર્ગા માતા |
| ૩) સર્વધર્મ સમભાવની દેવી | ક) પોતાની માતા |
| ૪) શક્તિની દેવી | ડ) સરસ્વતી માતા |
| ૫) જન્મ આપનાર દેવી | ઈ) ભારત માતા |

● કહો જોઈએ.

૧) કમળ ઉપર બિરાજે – ........................................

૨) સિંહ ઉપર બિરાજે – ........................................

૩) મોર ઉપર બિરાજે – ........................................

૪) કૂકડા ઉપર બિરાજે – ........................................

૫) મગર ઉપર બિરાજે – ........................................



હે શારદે મા, હે શારદે મા
અજ્ઞાનતાથી અમને તારી દે મા (૨)
તું સ્વરની દેવી છે, સંગીત તુજથી
સર્વ શબ્દ તારા ને સર્વ ગીત તુજથી,
અમે તો અધૂરા, અમે તો અટૂલા
તારા શરણમાં મને સ્થાન દે મા
... હે શારદે મા

ઋષિઓએ જાણી, મુનિઓએ પિછાણી
વેદોની ભાષા, પુરાણોની વાણી
અમે પણ જાણીએ અમે પણ સમજીએ
વિદ્યાનો અમને અધિકાર દે મા
... હે શારદે મા

તું શ્વેતવર્ણી, કમળ પર બિરાજે,
હાથોમાં વીણા, મુગટ શિરે છાજે
મનથી અમારા હરી લે અંધારા
અમને ઉજાસનો સંસાર દે મા
... હે શારદે મા

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | |
|---|---|
| ૧) સરસ્વતી – ...................... | ૨) અવાજ – ...................... |
| ૩) બધાં – ...................... | ૪) ગાયન – ...................... |
| ૫) માતા – ...................... | ૬) ઓળખી – ...................... |
| ૭) હક્ક – ...................... | ૮) અજવાળું – ...................... |

**સ. ૨ નમૂના પ્રમાણે સહસંબંધ દર્શાવતો શબ્દ શોધો.**

દા.ત. અધૂરા – પૂરા (અંધકાર, ફરજ, જ્ઞાન, અજવાળું)

| | |
|---|---|
| ૧) અજ્ઞાન – ...................... | ૨) અંધારું – ...................... |
| ૩) ઉજાસ – ...................... | ૪) અધિકાર – ...................... |

**સ. ૩ નીચેના શબ્દોનો ઉપયોગ કરી મનગમતા વાક્ય બનાવો.**

૧) સંગીત ૨) કમળ ૩) સંસાર ૪) મુગટ

**સ. ૪ આગળ 'અ' લગાવીને શબ્દ બનાવો :** દા. ત. જ્ઞાન – અજ્ઞાન

| | |
|---|---|
| ૧) પ્રામાણિક – ...................... | ૨) પૂર્ણ – ...................... |
| ૩) નિંદ્રા – ...................... | ૪) ભય – ...................... |
| ૫) ખંડ – ...................... | ૬) જય – ...................... |

**સ. ૫ (અ) જાતિ બદલો. દા.ત. મામા-મામી**

| | |
|---|---|
| ૧) દીકરો – ...................... | ૨) કૂતરો – ...................... |
| ૩) વાઘ – ...................... | ૪) મોર – ...................... |
| ૫) મેના – ...................... | ૬) સ્ત્રી – ...................... |
| ૭) નોકરાણી – ...................... | ૮) રાજા – ...................... |

**(બ) એક કરતાં વધારે લખો.**

| | |
|---|---|
| ૧) ચમચી – ...................... | ૨) પેન – ...................... |
| ૩) રમકડું – ...................... | ૪) છોકરો – ...................... |
| ૫) ઘોડો – ...................... | ૬) તારો – ...................... |
| ૭) સૈનિક – ...................... | ૮) નેતા – ...................... |

♦ **સંભાષણ :** તમે જોયેલી સરસ્વતી માતાની તસવીરના આધારે તેમના હાથમાં શું શું હોય છે ? તે કહો.

સ. ૬ કહો.

૧) ઋષિમુનિઓએ જાણેલી – ઓળખેલી ભાષા –

૨) સ્વરની દેવી –

૩) શારદા મા પાસેથી મળતો અધિકાર –

૪) સરસ્વતી માતાના શિરે શોભે –

સ. ૭ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ મૂકો.

૧) અમે તો અધૂરા, અમે તો ...............

૨) ઋષિઓએ જાણી, ....................એ પિછાણી.

૩) તું શ્વેતવર્ણી, .................... પર બિરાજે.

૪) અમને .................નો સંસાર દે મા.

સ. ૮ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

૧) મા શારદા ........... છે.

(ક) રક્તવર્ણી (ખ) શ્વેતવર્ણી (ગ) કુમકુમવર્ણી

૨) સરસ્વતી માતા ................. તારી દે છે.

(ક) અજ્ઞાનતાથી (ખ) અંધકારથી (ગ) જીવનથી

૩) બાળકો સરસ્વતી માતાના ............ સ્થાન માંગે છે.

(ક) ચરણમાં (ખ) દરબારમાં (ગ) શરણમાં

૪) સરસ્વતી માતાના હાથમાં ............ છે.

(ક) વીણા (ખ) વાજુ (ગ) ડમરું

સ. ૯ શક્તિની આરાધ્ય દેવીઓના તમને આવડે તેટલાં નામ લખો.

દા.ત. અંબા, બહુચર, ...



પ્રકલ્પ

♦ સર્વધર્મસમભાવ દર્શાવતી એક પ્રાર્થના કાર્ડપેપર ઉપર લખી તેની ફરતે દરેક ધર્મના પ્રતીકોનાં ચિત્રો દોરો.

## હું વાંચું ... તમે પણ વાંચો



### સરસ્વતી વંદના

વીણાવાદિની મા શારદા, નાનેરા તુજ બાળ.
વિદ્યાતણું વરદાન દેજે
રાખજે અમ સંભાળ
... તારો સાચો પ્રેમ છે મા
અમને તારો આધાર
ભૂલચૂક કદીક થાય તો,
મા ઉગારજે મઝધાર
... તારો સાચો પ્રેમ છે મા
હૈયે આપજે હામ,
ઝળહળ જ્યોતિ જગમાં તારી
વિદ્યા તણું તુજ ધામ
... તારો સાચો પ્રેમ છે મા
આવ્યો તુજ દ્વાર
અમ અંતરમાં પ્રગટાવજે
જ્ઞાનદીપનો ભંડાર
... તારો સાચો પ્રેમ છે મા

---

### અધ્યાપન સંકેત



શરૂઆતમાં આપેલી કૃતિ કરાવી માતાજીના નામોની યાદી તૈયાર કરાવવી. સરસ્વતી માતાની તસવીર કે મૂર્તિને પ્રત્યક્ષ બતાવી તેનું વર્ણન કરાવવું. પછી શાળામાં રોજ ગવાતી પ્રાર્થનાનું સમૂહગાન કરાવવું. પ્રાર્થનાના મહત્ત્વથી અવગત કરાવ્યા પછી પ્રશ્નોત્તરની મદદથી કૃતિનું અધ્યયન કરાવવું. સમૂહગાન કરાવવું. કૃતિ મૂળ હિન્દીમાં છે તે બાબતનું સ્પષ્ટીકરણ કરી હિન્દીની કૃતિનો પણ ખ્યાલ આપવો. કાવ્યમાં આવતા ઋષિઓ, શ્વેતવર્ણી જેવા જોડાક્ષરયુક્ત શબ્દોનું અનુલેખન કરાવ્યા પછી શ્રુતલેખન પણ કરાવવું.

**વિદ્યા વિનયથી શોભે છે.**

# ૨. ટબૂડિયો અને શાકભાજી

♦ **ચાલો ઉખાણાં ઉકેલીએ ...**

૧) દુનિયામાં અમે ખૂબ જાણીતાં,
નાના મોટાં સૌનાં માનીતાં,
કોઈ અમારું શાક બનાવે,
વેફર, કાતરી બનાવી ખાયે.



બાળકોને ખૂબ ભાવતાં,
બધી ઋતુમાં અમે આવતાં,
કહી આપો કે અમે કોણ ?

---

૨)



નાની મોટી દૂધિયા રંગની,
હું તો છું બહુ કૂણી કૂણી,
અંદરથી હું ધોળી ધોળી,
બી પણ મારા ધોળાં ધોળાં,
કોઈ મારું શાક બનાવે,
મોજ કોઈ હલવાની માણે,
બોલો મારું નામ શું ?

---





મમ્મી : બેટા, ટબૂડિયા ! આ લે થેલી ને દસ રૂપિયા.

ટબૂડિયો : પણ શા માટે મમ્મી ?

મમ્મી : શેરીના નાકે લીલાભાની લારીમાંથી લીલાંછમ શાકભાજી લઈ આવ.

(લારીમાં જાતજાતનાં શાક જોઈને તે અચરજ પામી જાય છે.)

લીલાભા : બેટા ! શું આપું તને ?

(ટબૂડિયો કાંઈ બોલે તે પહેલાં તો શાકભાજી જ બોલવા લાગ્યાં !)

ટબૂડિયા એ ટબૂડિયા ! લેને અમને તું હાથમાં,

થેલીમાં નાંખીને લઈ જાને તું સાથમાં.

ટામેટાં : ટબૂ, હું તો લાલમલાલ છું.



તારા જેવા જ લીસા મારા ગાલ છે.

સૂરણ, બટાટા, શક્કરિયા : જો ટબૂ,

અમારા શરીર પર છે ખાડા

અમે માટીવાળાં અને ઉઘાડાં.

ટીંડોળાં : નાનાં નાનાં, ઠંડાં

ઠંડાં અમે તારાં

જેવાં જ ભોળાં ભોળાં

રીંગણું : મેં લીલી ટોપી માથે પહેરી ને બાજુમાં મારા ભાઈ ભુઠ્ઠાં જાડાં ઠીંગણાં.



કોબી : ટબૂ, હું તો ગોળમટોળ,



મારાં લીલાં લીલાં પડ.

દૂધી : ટબૂ, મારે એક રૂપાળી ચોટી,



નીચે વાંકું લાંબું લીલું ઘડ.

ગાજર : ટબૂડિયા લઈ જા,



હલવો ખાજે ને

નહીં તો કરજે કચુંબર.



તુવેર, વાલોળ, પાપડી : ટબૂ

શું ગુનો કર્યો અમે બાપડીએ?

તૂરિયા, પરવળ, ફ્લાવર, મૂળા,

ભીંડા, લીંબુ, કંકોડાં સૌ સાથે :




ટબૂડિયા, હાથ જોડી કહીએ બેટા, લે તું અમને પણ થોડાં !

મરચાં, કોથમીર, ફુદીનો :

ભૈયા, થોડાં થૈલીમેં હમકો ભી ડાલો.

આદું : ટબૂડિયા, હું રહી જઈશ, તું મનેય લેને એકાદું.



ટબૂડિયો મનમાં વિચારે છે, બધાં શાક તો ઠીક ... પણ ... આ કારેલાં તો છે કડવાં, કારેલાંને ખોટું એવું લાગ્યું કે મંડ્યાં એ તો ટપટપ રડવાં.







ટબૂડિયો મૂંઝાઈ ગયો ... ને થઈ ગયો એકદમ ઢીલો. શું કરું ? થોડીવાર પછી એકાએક બોલ્યો, લીલાભા આ દસ રૂપિયા રાખી દો ને થેલીમાં લારીનાં શાક બધાંય થોડાં થોડાં નાખી દો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) ઝોળી | – ...................... | ૨) ગલી | – ...................... |
| ૩) નવાઈ | – ...................... | ૪) સુંવાળા | – ...................... |
| ૫) વાંક | – ...................... | ૬) નીચા | – ...................... |

**સ. ૨ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ૧) ઠંડું | ક) મીઠું |
| ૨) પાતળું | ખ) ખરબચડું |
| ૩) રૂપાળું | ગ) ગરમ |
| ૪) લીસું | ઘ) જાડું |
| ૫) કડવું | ચ) લુચ્ચું |
| ૬) ભોળું | છ) કદરૂપું |

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દો બનાવો :** દા.ત. કારેલું – કારેલાં

૧) રીંગણું – ...................... ૨) ટામેટું – ......................

૩) બટેટું – ...................... ૪) તૂરિયું – ......................

૫) શક્કરિયું – ...................... ૬) ગલકું – ......................

**સ. ૪ શુદ્ધ જોડણી દર્શાવતા શબ્દ ફરતે ◯ કરો.**

| | | |
|---|---|---|
| ૧) ટબુડ્યા | ટબુડીયા | ટબૂડિયા |
| ૨) શકરીયા | શક્કરિયા | શકરયા |
| ૩) મૂંઝવણ | મુંજવણ | મૂંજવણ |

**સ. ૫ નામ લખો.**

૧) દાણાવાળાં શાક : ..................................................

૨) કાચાં ખાવાનાં શાક : ..................................................

૩) હલવો બનાવાતાં શાક : ..................................................

૪) વધારે પાંદડાંવાળાં શાક : ..................................................

♦ **સંભાષણ :** વિદ્યાર્થીઓ શાકભાજીનાં પાત્રો બની દરેક પોતાની વિશેષતા પાઠના આધારે તેમજ પોતાના શબ્દોમાં રજૂ કરશે.

**સ. ૬ ઓળખો જોઈએ.**

૧) મમ્મીએ શાક લેવા મોકલ્યો.

૨) ટબૂડિયો મારી લારીએ શાક લેવા આવ્યો.

૩) લીસાં ગાલવાળાં લાલમલાલ.

૪) માટીવાળાં, ઉઘાડાં અને ખાડાવાળાં.

૫) નાનાંનાનાં, ઠંડાં–ઠંડાં અને ભોળાં ભોળાં.

**સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂરાં કરો.**

૧) કારેલાં રડવા લાગ્યાં. કારણ કે, ................................................
(ક) તે સ્વાદમાં કડવાં હતાં.
(ખ) તેને ટબૂડિયાએ લીધાં નહિ.
(ગ) તેને કડવાં કહ્યાં માટે ખોટું લાગ્યું.

૨) ટબૂડિયો મૂંઝાઈ ગયો. કારણ કે, ................................................
(ક) કારેલાંનાં રડવાથી તે ઢીલો થઈ ગયો.
(ખ) તેને શું કરવું તે સમજાતું નહોતું.
(ગ) શાકવાળાએ તેને શાક આપવાની ના પાડી.

૩) મમ્મીએ ટબૂડિયાને દસ રૂપિયા આપ્યા. કારણ કે, ..........................
(ક) દડો લેવા માટે.
(ખ) શાકભાજી લેવા માટે.
(ગ) ભેળપૂરી ખાવા માટે.

**સ. ૮ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?**

૧) ‘‘મારે એક રૂપાળી ચોટી, નીચે વાંકું, લાંબું, લીલું ધડ.’’
૨) ‘‘આ લે થેલી ને દસ રૂપિયા.’’
૩) ‘‘બેટા ! શું આપું તને?’’

**સ. ૯ આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.-**

૧) લીલાંછમ લીલાભાની નાકે શેરીના આવ લઈ લારીમાંથી શાકભાજી
૨) શાકભાજી જ ટબૂડિયો બોલે કંઈ બોલવાં લાગ્યાં તે પહેલાં

**સ. ૧૦ પાઠમાંથી યોગ્ય શબ્દ શોધો :** દા.ત. ટામેટાં – લાલમલાલ.

૧) ............... – માટીવાળાં અને ઉઘાડાં
૨) ટીંડોળાં – ............................
૩) કોબી – ............................
૪) ............... – કડવાં
૫) ............... – રૂપાળી ચોટી

**સ. ૧૦ જાણો છો તે લખો.**

૧) ઉપવાસમાં ખવાતાં શાક – ......................, ......................
૨) તમને ખૂબ ભાવતાં શાક – ......................, ......................

૩) તમને ન ભાવતાં શાક – ......................, ......................

૪) સલાડ બનાવવામાં ઉપયોગી શાક – ...................., ....................



**પ્રકલ્પ**

♦ જુદાંજુદાં શાકભાજીનાં ચિત્રોનો સંગ્રહ કરો. તેમને તમારી રીતે વર્ગીકરણ કરીને ચાર્ટસમાં ચોંટાડો.

**હું વાંચું ... તમે પણ વાંચો**



૧) છરી મારી મને
ને રડવા બેઠા તમે ?
કેમ મને ખાતા નથી ?
શું સ્વાદહીન છો તમે ?



૨) લાલ છું, લીલું છું,
સ્વાદમાં તીખું તીખું છું,
આંખમાં પાણી લાવું છું,
તો ય તમને ભાવું છું.

૩) હું લાલ છું, લીલું છું,
લીસું ગોળગોળ છું,
ખાટું છું, મીઠું છું,
સ્વાદમાં બહુ મજાનું છું.
મારામાંથી સોસ બને,
સૂપ બને, કેચપ બને,
મારા વિના પાઉંભાજી
ફીકી ફીકી બને.





૪) પિપૂડીના આકાર જેવું,
હું છું સાવ અનેરું,
કરમચંદ જાસૂસને હું,
હતું ઘણું પ્યારું.
કચુંબર અને હલવામાં,
મારું સ્થાન નિરાળું,
કોબી, ફણસી, વટાણાને
હું છું ઘણું વહાલું.



૫) સ્વાદમાં ભલે હું કડવું,
પણ ગુણ મારા છે મીઠા,
મારો રસ જે પીએ તેના,
રોગ નાસતા દીઠા.

**અધ્યાપન સંકેત**



ઉખાણાં ઉકેલીને વિષયાભિમુખ કર્યા પછી પ્રસ્તુત કૃતિનું અધ્યયન નાટ્યીકરણ દ્વારા કરાવવું. લઘુપ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસતા જઈ નવું જ્ઞાન માહિતીરૂપે આપી શકાય. પ્રત્યક્ષ શાકભાજી બતાવી બતાવીને તેને ઓળખાવવાનો તેમજ તેના ગુજરાતી નામનો પરિચય કરાવવાનો આગ્રહ રાખવો. લીલાં શાકભાજી આરોગ્ય માટે અતિશય લાભદાયી છે તે સમજાવી બાળકોને નિયમિત શાકભાજી ખાવાની પ્રેરણા આપવી. શાકભાજીના વર્તમાન ભાવો વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન ચકાસવું.


**શાકભાજી ખાઓ – તાજાંમાજાં થાઓ.**

# ૩. વાદળાં વરસે છે

♦ નિરીક્ષણ કરીને કહો.







આ તો વર્ષારાણીનું રાજ,
કે વાદળાં વરસે છે !
મન મૂકીને પલળીએ આજ,
કે વાદળાં વરસે છે !
વીજળી ઝબૂક ઝબકી જાય,
કે વાદળાં વરસે છે !
આભ તૂટ્યું, કડાકા થાય,
કે વાદળાં વરસે છે !
ઝાડ, જંગલ ને પહાડો ન્હાય
કે વાદળાં વરસે છે !
નદી – નાળાંઓ દોડતાં જાય
કે વાદળાં વરસે છે !
પૃથ્વી પાણીથી લીંપાય
કે વાદળાં વરસે છે !

પછી લીલી લીલી થઈ જાય
કે વાદળાં વરસે છે !
આ તો વર્ષારાણીનું રાજ
કે વાદળાં વરસે છે !
સહુ ચાલો પલળીએ આજ
કે વાદળાં વરસે છે !

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) ભીંજાવું | – ..................... | ૨) આકાશ | – ...................... |
| ૩) વન | – ..................... | ૪) પર્વત | – ...................... |
| ૫) ધરતી | – ..................... | ૬) બધાં | – ...................... |

**સ. ૨ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

| | | | |
|---|---|---|---|
| દા.ત. લીંપવું | – લીંપાય | દા.ત. વરસ | – વરસવું |
| ૧) દોડવું | – ...................... | ૧) પલળ | – ...................... |
| ૨) કરવું | – ...................... | ૨) દોડ | – ...................... |
| ૩) ચરવું | – ...................... | ૩) ઝબૂક | – ...................... |
| ૪) તરવું | – ...................... | ૪) જમ | – ...................... |
| ૫) ચાલવું | – ...................... | ૫) હસ | – ...................... |

**સ. ૩ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ૧) વીજળી | ક) દોડતાં જાય છે. |
| ૨) પૃથ્વી | ખ) વરસાદમાં ન્હાય છે. |
| ૩) નદી–નાળાંઓ | ગ) ઝબૂક ઝબકી જાય છે. |
| ૪) જંગલ અને ઝાડ | ઘ) પાણીથી લીંપાઈ જાય છે. |

**સ. ૪ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) વાદળાં ૨) વીજળી ૩) આભ ૪) પહાડ

**સ. ૫ નદી-નાળાં, ખેલ-કૂદ જેવા બીજા પાંચ જોડશબ્દો પુસ્તકમાંથી શોધીને લખો.**

♦ **સંભાષણ** : પહેલા વરસાદમાં પલળવાથી તમને જે આનંદ થાય તેને પાંચ થી સાત વાક્યોમાં દર્શાવો.

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) વાદળાં ................ વરસે છે.
(ક) વસંતઋતુના રાજમાં
(ખ) વર્ષારાણીના રાજમાં
(ગ) ગ્રીષ્મઋતુના રાજમાં

૨) બાળકો મન મૂકીને .................
(ક) રમે છે.
(ખ) તરે છે.
(ગ) પલળે છે.

૩) નદી–નાળાંઓ ........................
(ક) દોડતાં જાય છે.
(ખ) ઊભાં રહી જાય છે.
(ગ) છલકાઈ જાય છે.

**સ. ૭ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ મૂકો.**

૧) મન મૂકી ............. આજ.
૨) આભ તૂટ્યું ............ થાય.
૩) પછી લીલી ............ થઈ જાય.
૪) વીજળી ............ ઝબકી જાય.

**સ. ૮ કહો જોઈએ. તમારો જવાબ કૌંસમાંથી પસંદ કરો.**

(વર્ષાઋતુમાં, પાણીથી, વીજળીના, છલકાય)

૧) વાદળાં વરસે છે. – .........................
૨) આભ તૂટવાથી કડાકા થાય છે. – .........................
૩) પૃથ્વી લીંપાઈ જાય છે. – .........................
૪) નદી–નાળાંઓ દોડતા થાય છે. – .........................

**સ. ૯ નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ કહો.**

૧) વર્ષારાણીના રાજમાં વરસાદ વરસવાથી ચાલો સહુ સાથે મળીને પલળીએ અને આનંદ કરીએ.

૨) વરસાદના વરસવાથી આકાશ જાણે તૂટ્યું હોય તેમ વીજળીના કડાકા થાય છે. અને તે ઝબૂક ઝબૂક ઝબકવા લાગે છે.

**સ. ૧૦ તમને સૌથી પ્રિય હોય તે ઋતુ વિશે પાંચેક વાક્યોનો પરિચ્છેદ તૈયાર કરો.**



**પ્રકલ્પ**

- ‘વર્ષાકાવ્યો’નો સંગ્રહ કરી સરસ મજાનો નાનકડો કાવ્યસંગ્રહ બનાવો.

**હું વાંચું ... તમે પણ વાંચો**



પહેરો સ્વેટર, પહેરો બંડી,
જુઓ શિયાળો લાવ્યો ઠંડી.
હવે નિશાળે લીલી ઝંડી,
લેસન કરવા પડજો મંડી.

ઊઠી વહેલા કસરત કરજો,
રોજ શરીરે માલિશ કરજો.
દોડી જઈ મેદાને ફરજો,
નવી હવાને અંગે ભરજો.

ખાવ ખજૂર ને ખારેક ઝાઝી,
તબિયત રહેશે સદાય તાજી.
જો તાજી-સાજી તબિયત હશે,
તો કામ તમારાં ઝટપટ થશે.

**અધ્યાપન સંકેત**



કૃતિની શરૂઆતમાં આપેલા ચિત્રોનું નિરીક્ષણ કરાવી તેને લગતા લઘુપ્રશ્નોની મદદથી સંવાદ સાધવો. તે રીતે કાવ્યના વિષય-વસ્તુનું સ્પષ્ટીકરણ કરવું. આ ઉપરાંત વર્ષાઋતુનાં જોડકણાં કે વર્ષાગીતોના ગાન દ્વારા પણ વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરી શકાય. ‘વાદળાં વરસે છે’ની પુનરુક્તિનો આનંદ અનુભવવા કાવ્યનું સમૂહગાન કરાવવું. વર્ષાઋતુ પછી પ્રકૃતિમાં થતાં પરિવર્તન વિશે સક્રિય ચર્ચા કરવી. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની સમજ આપવી. બાળકોને આવડતાં હોય તેવાં વર્ષાગીતો કે જોડકણાં તેઓ સામેથી ગાય તે માટે પ્રોત્સાહન આપવું.

**જળ એ જ જીવન છે.**

# ૪. અપશુકનિયાળ કોણ ?

♦ **ચાલો વાર્તા સાંભળીએ.**



આસ્થા નામની એક તમારા જેવડી જ છોકરી હતી. તે પણ છઠ્ઠા ધોરણમાં જ ભણતી હતી. એક વખત તે શાળામાં આવવા નીકળી ત્યારે તેની મમ્મીએ તેને કહ્યું કે, 'બેટા, હું તારી સાથે જ આવું છું. શ્રદ્ધાનું એડમિશન લેવાનું છે.' આસ્થા તેની બહેન શ્રદ્ધાને લઈને શાળાએ જવા તૈયાર થઈ ગઈ. તેની મમ્મી પણ તૈયાર જ હતી. તે ચંપલ પહેરવા જતી હતી ત્યાં જ તેના સાસુને છીંક આવી. તેની સાસુએ તેને રોકતા કહ્યું કે, ‘‘પાંચ મિનિટ ખમી જા. અપશુકન થયા માટે એડમીશન નહિ મળે.’’ પરંતુ આસ્થાની મમ્મી ભણેલી બહુ નહોતી પણ ગણેલી હતી. તેનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સારો એવો વિકાસ થયો હતો. તેણે તેની સાસુને કહ્યું કે, ‘‘બા, ચિંતા નહિ કરો. શુકન-અપશુકન જેવું કંઈ જ હોતું નથી. શ્રદ્ધા બરાબર બોલશે જ એવો મને વિશ્વાસ છે. તેથી તેને એડમીશન પણ જરૂર મળશે.’’ આમ કહી તે આસ્થા સાથે ચાલી નીકળી.

શાળામાં આચાર્યાએ પૂછેલા દરેક પ્રશ્નના જવાબ શ્રદ્ધાએ આત્મવિશ્વાસપૂર્વક આપ્યા. તેને એડમીશન પણ મળી ગયું. તે ખુશ થતી ઘરે આવી. શ્રદ્ધાને દાદીને પગે લગાડી. પોતે પણ સાસુને નમન કર્યા અને કહ્યું કે, ‘‘બા, જુઓ શ્રદ્ધાને એડમીશન મળી ગયું છે. તમને છીંક આવી હતી તે કુદરતી હતી. તેમાં અપશુકન થાય જ નહિ. હવે તો તમે મારી વાત સાથે સહમત છો ને ?’’ તેની સાસુએ તેના માથા ઉપર વહાલપૂર્વક હાથ ફેરવ્યો અને કહ્યું કે, ‘‘હા બેટા-તારી વાત સાવ સાચી છે. હવેથી હું પણ શુકન-અપશુકનમાં નહિ માનું-બસ.’’



આ વાર્તા ઉપરથી તમે શો અર્થ તારવ્યો તેની દરેકેદરેક વિદ્યાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કર્યા પછી તમારો સ્પષ્ટ અભિપ્રાય મોટેથી વર્ગમાં કહો.

# અપશુકનિયાળ કોણ ?



એક ગામમાં નારાયણ નામનો એક માણસ રહેતો હતો. લોકો તેને અપશુકનિયાળ માનતા હતા. લોકોનું માનવું હતું કે તેનું મોં જોવાથી ખાવાનું સુદ્ધાં મળતું નથી. આ વાત જ્યારે ગામના રાજાને ખબર પડી ત્યારે રાજાએ તેને જોવાની ઇચ્છા કરી. તરત જ તેને દરબારમાં બોલાવવામાં આવ્યો.

રાજાએ નારાયણને જોયો. પછી તરત જ થોડા સિપાઈ સાથે કંઈ કામ અર્થે બીજા ગામે જવા નીકળી પડ્યા. તે દિવસે રાજાનું કોઈ જ કામ ન થયું. તેની ગાડી પણ કાદવમાં ફસાઈ ગઈ. અનેક મુશ્કેલી વેઠીને રાજા ભૂખ્યા, તરસ્યા ઘરે પાછા આવ્યા. ત્યારે એક સિપાઈએ કહ્યું, ‘‘મહારાજ, આપે આજે નારાયણનું મોં જોયું એટલે જ આમ બન્યું.’’ રાજાએ તરત જ નારાયણને ફાંસી આપવાનો હુકમ કર્યો.

નારાયણને દરબારમાં બોલાવી તેને સજા સંભળાવી અને ફાંસી આપવાનો દિવસ નક્કી કર્યો.

જ્યારે નારાયણને ફાંસી આપવાની હતી ત્યારે રાજાએ તેને આખરી ઇચ્છા પૂછી ત્યારે નારાયણે અતિ નમ્રતાથી કહ્યું, ‘‘મારી આખરી ઇચ્છા તો કાંઈ નથી પરંતુ આપ રજા આપો તો મારે એક વાત કહેવી છે.’’ રાજાએ વાત કહેવાની રજા આપી તેથી નારાયણ બોલ્યો, ‘‘મહારાજ, આપે મારું મોઢું જોયું તો આપને ભોજન ન મળ્યું અને મેં આપનું મોઢું જોયું તો મને ફાંસી મળી. હવે આપ જ કહો અપશુકનિયાળ કોણ છે ?’’

રાજાએ શરમિંદગી અનુભવી અને નારાયણને છોડી મૂક્યો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) કચેરી – ...................... ૨) તકલીફ – ......................

૩) આજ્ઞા – ...................... ૪) અંતિમ – ......................

૫) ભોંઠપ – ...................... ૬) મરજી – ......................

**સ. ૨ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) રાજા ૨) ભોજન ૩) દિવસ ૪) ફાંસી

**સ. ૩ સહસંબંધ ધરાવતો શબ્દ કૌંસમાંથી પસંદ કરો.**

(અપશુકન, અનિચ્છા, પ્રથમ, બિનઅનુભવ, રાત, નમ્ર)

૧) શુકન – અપશુકન ૨) ઉદ્ધત – ......................

૩) ઈચ્છા – ...................... ૪) આખરી – ......................

૫) અનુભવ – ...................... ૬) દિવસ – ......................

**સ. ૪ 'અપશુકનિયાળ' શબ્દમાંથી જેટલા નવા શબ્દો બની શકે તેટલા બનાવો.**

**(દા.ત. પળ, પશુ, કળ) ગમે તેટલા અક્ષરના શબ્દ બનાવી શકાય.**

**સ. ૫ નીચેનાં વિરામચિહ્નો ઓળખીને લખો.**

(૧) ? (૨) . (૩) , (૪) ! (૫) : (૬) ' '

**સ. ૬ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧) હતો રહેતો માણસ નારાયણ એક નામનો ગામમાં

૨) દરબારમાં આવ્યો બોલાવવામાં જ તરત તેને

૩) તો આપો રજા પરંતુ છે વાત આપ મારે એક કહેવી

♦ **સંભાષણ :** તમે પરીક્ષા આપવા ઘરેથી નીકળ્યા ત્યારે પાડોશીની બિલાડીએ તમારા ઘરમાં પ્રવેશ કર્યો – તો તમે શું કરશો ? તે કહો.

**સ. ૭ કહો જોઈએ.**

૧) નારાયણને અપશુકનિયાળ માનનાર ..............................................

૨) નારાયણને ફાંસી આપવાની સજાનો હુકમ આપનાર ................................

૩) રાજા સાથે જનાર ..........................................................

૪) રાજાને ચતુરાઈપૂર્વક અપશુકનિયાળ ગણાવનાર ..................................

૫) કાદવમાં ફસાઈ જનાર ......................................................

**સ. ૮ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?**

૧) 'મહારાજ, આપે આજે નારાયણનું મોં જોયું એટલે જ આમ બન્યું.'

૨) 'આપ રજા આપો તો મારે એક વાત કહેવી છે.'

૩) 'હવે આપ જ કહો કે અપશુકનિયાળ કોણ છે ?'

**સ. ૯ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો.**

૧) રાજાની ગાડી ..........................................

(ક) કાદવમાં ફસાઈ ગઈ.

(ખ) કૂવામાં પડી ગઈ.

(ગ) ટ્રક સાથે અથડાઈ ગઈ.

૨) રાજાએ નારાયણને ..........................................

(ક) ફટકા મારવાનો હુકમ કર્યો.

(ખ) ફાંસી આપવાનો હુકમ કર્યો.

(ગ) જેલમાં પૂરવાનો હુકમ કર્યો.

૩) રાજાએ શરમિંદગી અનુભવી. કારણ કે, ..........................................

(ક) નારાયણે તેને લાફો માર્યો.

(ખ) નારાયણે તેનું અપમાન કર્યું.

(ગ) નારાયણે તેને ચતુરાઈપૂર્વક અપશુકનિયાળ ઠેરવ્યો.

**સ. ૧૦ નીચેની પ્રક્રિયાને ક્રમમાં ગોઠવો :**

૧) નારાયણને ફાંસી આપવાનો હુકમ કર્યો.

૨) રાજાનું કોઈ જ કામ ન થયું.

૩) રાજાએ નારાયણને છોડી મૂક્યો.

૪) નારાયણને દરબારમાં બોલાવવામાં આવ્યો.

૫) રાજાએ નારાયણને આખરી ઇચ્છા પૂછી.

**સ. ૧૧ તમારા શબ્દોમાં વાક્ય પૂર્ણ કરો.**

૧) આપે મારું મોઢું જોયું ..........................................................................

..........................................................................................................

૨) લોકો નારાયણને અપશુકનિયાળ માનતા હતા.

કારણ કે તેઓનું માનવું હતું કે, ..........................................................

..........................................................................................................

૩) તમે નારાયણને/રાજાને અપશુકનિયાળ માનો છો. કારણ કે ................

..........................................................................................................



### પ્રકલ્પ

♦ તમારી શાળામાં 'અંધશ્રદ્ધા નિર્મૂલન સપ્તાહ'ની ઉજવણી થઈ રહી છે. તે અંતર્ગત નીકળનારી પ્રભાતફેરીની પૂર્વતૈયારી રૂપે 'અંધશ્રદ્ધા દૂર કરવા બાબતના સંદેશાસૂત્રો' લખેલા બેનરો તૈયાર કરો.

### હું વાંચું ... તમે પણ વાંચો



**તમે આમાં માનો છો ?**

♦ કોઈ પણ કામ કરવા જતી વખતે બિલાડી આડી ઊતરે તો આપણે અપશુકન માનીએ છીએ પરંતુ કામને અને બિલાડીને કોઈ સંબંધ નથી.

♦ આરતી કરતી વખતે જો દીવો ઓલવાઈ જાય તો આપણે અપશુકન માનીએ છીએ પરંતુ દીવો હવાથી ઓલવાયો હોય અથવા તો ઘી ઓછું – વધારે પૂરાઈ ગયું હોય તો દીવો ઓલવાઈ જવાની શક્યતા રહે છે.

♦ બહાર જતી વખતે કોઈને છીંક આવે તો આપણે તેને પણ અપશુકન માનીએ છીએ. ખરી રીતે છીંકને અને બહાર જવાને કોઈ જ સંબંધ નથી.

♦ હકીકત તો એ છે કે સાચી મહેનત અને ઇમાનદારીથી થતાં કોઈ પણ કાર્યને કોઈ જ શુકન કે અપશુકન નડતાં નથી તે આપણે સૌએ સમજવાની જરૂર છે, સાથે બીજાને સમજાવવાની પણ આપણી નૈતિક ફરજ છે.

### અધ્યાપન સંકેત



કૃતિની શરૂઆતમાં આપેલા પ્રસંગને વાર્તારૂપે કહો. પછી દરેક વિદ્યાર્થીના ઘરમાં બનતા આવા નાના–મોટા પ્રસંગો વિશે રચનાત્મક સંવાદ સાધો. તે દ્વારા બાળકોના અંગત વિચારો જાણી તેમાં જરૂર જણાય ત્યાં વૈજ્ઞાનિક અભિગમને સાંકળી વિદ્યાર્થીઓના મનમાં અંધશ્રદ્ધા પ્રત્યેના નકારને સ્થાપવા પર્યાપ્ત પ્રયત્ન કરવા. પ્રશ્નોત્તર અને સ્પષ્ટીકરણ દ્વારા વિષયવસ્તુનો સ્પષ્ટ ખ્યાલ આપો. અંતમાં આ પ્રસંગનું વર્ગમાં નાટ્યીકરણ અવશ્ય કરાવો. નારાયણ અને રાજાના પાત્રો બદલીને પાંચથી સાત વખત આ નાટિકાનું પ્રાત્યક્ષિક કરાવો. આ કૃતિ દ્વારા વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિસ્તૃત બને તે માટેની કાળજી રાખો. શુભ કે અશુભ દિવસો જેવું પણ કંઈ જ હોતું નથી. તે વાત વિદ્યાર્થીઓના મગજમાં ઠસાવવું જરૂરી છે.

**શ્રદ્ધા જરૂર રાખો – અંધશ્રદ્ધા નહિ જ નહિ.**

## ઉપક્રમ - ૧

♦ આપેલા શબ્દચોરસમાં તહેવારોનાં નામ આડાઅવળાં કે ત્રાંસા છૂપાયેલાં છે તે શોધો અને તેની ફરતે ⬭ કરો. નમૂનાનું એક કરી બતાવેલ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રા | દ | (ન | ધ | બં | ક્ષા | ર) |
| ઈ | મ | લ | મ | જ | ધૂ | લ |
| ના | તા | ન | જ | ન્મા | ળે | હો |
| ના | ર | વ | વ | ષ્ટ | ટી | ળી |
| ઉ | ત | રા | ણ | મી | વા | પ |
| અ | ખા | ત્રી | જ | દિ | પા | તે |
| ગ | ણે | શ | ચ | તુ | ર્થી | તી |

૧) રક્ષાબંધન ૨) હોળી ૩) ધૂળેટી ૪) નાતાલ ૫) નવરાત્રી
૬) જન્માષ્ટમી ૭) અખાત્રીજ ૮) પતેતી ૯) ગણેશચતુર્થી
૧૦) ઉતરાણ ૧૧) ઈદ ૧૨) રામનવમી ૧૩) દિવાળી

♦ આપેલાં ચિત્રો ઓળખી તેના વિશે બે - બે વાક્યો લખો.











# ૫. બહાદુર બાળા

♦ ચાલો વાંચીએ...



સુંદરપુર નામનું એક ગામ હતું. તે ગામમાં એક સરસ મજાનું તળાવ હતું. તળાવને કિનારે વડનું ઝાડ હતું. તે ગામમાં એક સુખી પરિવાર રહેતો હતો. પરિવારમાં દાદા–દાદી, મમ્મી–પપ્પા, ભાઈ–બહેન, કાકા, ફઈબા હતાં. ભાઈ શૌર્ય અને બહેન વીરા ખૂબજ હોંશિયાર તો હતાં જ પરંતુ તેમનાં નામને સાર્થક કરે તેવાં બહાદુર પણ હતાં. તેઓ દરરોજ સાંજે તળાવના કિનારે રમવા જતાં.

એક દિવસ એવું બન્યું કે, તળાવને કિનારે રમતાં બાળકોમાંથી એક બાળક અચાનક જ તળાવમાં પડી ગયું. શૌર્ય અને વીરા આ જોઈને કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર તરત જ તળાવમાં કૂદી પડ્યાં. પોતાના જાનની પરવા કર્યા વગર મહામુસીબતે પેલા બાળકને બહાર લઈ આવ્યાં. ઊંધો સુવાડી તેના પેટમાંથી પાણી કાઢી પછી નજીકની હૉસ્પિટલમાં લઈ ગયાં. પછી વીરાએ ફોન કરીને તેનાં મમ્મી–પપ્પાને બોલાવ્યા. તેમણે બધી વાત જાણ્યા પછી બંને ભાઈ–બહેનને ખૂબખૂબ અભિનંદન આપ્યાં.



આ વાતની જાણ આખા ગામમાં ફેલાઈ ગયા પછી ગામના લોકોએ આ ભાઈ–બહેનની બહાદુરીની ખૂબ પ્રશંસા કરી. તેમની શાળાએ ૨૬મી જાન્યુઆરીના દિવસે જાહેરમાં તેમની બહાદુરીનું સન્માન કરી ઇનામ આપીને નવાજ્યા.

---

ગરવા ગુજરાતમાં આવેલા ગિરનારની તળેટીમાં એક ગામડું છે. તેમાં માંડ સો–સવાસો ઘર છે. તેમાં એક ઘરમાં સંઘા રઘા કાઠી રહેતા હતા. તેમને દસ વર્ષની દીકરી શાંતા અને સાત વર્ષનો દીકરો કેશુ એમ બે સંતાનો હતાં.

એક દિવસ માતા–પિતા જંગલમાં મજૂરી કરવા ગયાં. સવારે દસ વાગ્યાનો સમય હતો. નાનો કેશુ આંગણામાં રમતો હતો. શાંતા નજીકના વાડામાં ગઈ હતી. ત્યાં જ અચાનક એક દીપડો ત્રાટક્યો. દીપડાની આંખો અંગારા જેવી હતી. દાંત અણિયાળા હતા. આવો વિકરાળ દીપડો નાના કેશુને કોળિયો બનાવવા આગળ ને આગળ ધસી રહ્યો હતો. ત્યાં જ અચાનક શાંતા આવી ચડી. તેની પાસે કોઈ જ હથિયાર નહોતું.

નજીકમાં પડેલું એક સોઢું લઈ તે તરત જ દીપડા ઉપર કૂદી પડી. તેણે દીપડાને ફટાફટ સોઢાના ફટકા મારવા



માંડ્યા. દીપડો ચકરી ખાઈ ધરાશાયી થઈ ગયો.

આ ઘટનામાં શાંતાએ વિરલ અને અભૂતપૂર્વ શૌર્ય બતાવ્યું હતું. માટે ૨૬ જાન્યુઆરી ૧૯૯૪માં રાષ્ટ્રપતિના વરદ્‌હસ્તે શાંતાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

(નોંધ : આ એક સત્યઘટના છે. બાળકો, તમે પણ શાંતાની જેમ સામે આવેલા પડકાર ઝીલવાની ભાવના અત્યારથી જ કેળવજો. તમે પણ ખરેખર બહાદુર જ છો. ખરું ને ! તો પછી આજથી જ મનમાં રહેલા કોઈ પણ પ્રકારના ખોટા ભયને કાઢી નાંખજો.)

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) બાળક | – ...................... | ૨) એકાએક | – ...................... |
| ૩) ઓજાર | – ...................... | ૪) ભયંકર | – ...................... |
| ૫) ચાબૂક | – ...................... | ૬) જમીનદોસ્ત | – ...................... |
| ૭) બહુમાન | – ..................... | ૮) ધારદાર | – ...................... |

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે કરો.**

દા.ત. ગામડું – ગામડાં

| | | | |
|---|---|---|---|
| ૧) હથિયાર | – ...................... | ૨) સંતાન | – ...................... |
| ૩) દીપડો | – ...................... | ૪) દીકરી | – ...................... |
| ૫) દિવસ | – ...................... | ૬) આંગણું | – ...................... |

**સ. ૩ શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧) સંઘા રહેતા રઘા એક કાઠી ઘરમાં હતા

૨) હતી જેવી અંગારા આંખો દીપડાની

૩) ફટાફટ ફટકા તેણે સોંઢાના માર્યા દીપડાને

૪) કર્યું હતું અભિવાદન શાંતાનું રાષ્ટ્રપતિએ

**સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

| (અ) દા.ત. તળેટી – શિખર | | (બ) દા.ત. કાકા – કાકી | |
|---|---|---|---|
| ૧) સવાર | – ...................... | ૧) માતા | – ...................... |
| ૨) નાના | – ...................... | ૨) ભાઈ | – ...................... |
| ૩) સત્ય | – ...................... | ૩) પતિ | – ...................... |
| ૪) આગળ | – ..................... | ૪) દીકરી | – ...................... |

**સ. ૫ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.** દા.ત. બહાદુર – બહાદુરી

| | | | |
|---|---|---|---|
| ૧) હોંશિયાર | – ...................... | ૨) વફાદાર | – ...................... |
| ૩) જવાબદાર | – ...................... | ૪) સમજદાર | – ...................... |
| ૫) ઈમાનદાર | – ...................... | ૬) ખબરદાર | – ...................... |

**સ. ૬ નીચેનાં વાક્યોમાંના રેખાંકિત શબ્દના નામનો પ્રકાર લખો.**

૧) <u>ગુજરાત</u> મોટું <u>રાજ્ય</u> છે.

૨) <u>ગિરનાર</u> <u>જૂનાગઢમાં</u> આવેલો છે.

૩) <u>શાંતાએ</u> <u>બહાદુરી</u> બતાવી.

૪) <u>શૌર્ય</u> માટે તેને <u>પુરસ્કાર</u> મળ્યો.

૫) <u>શાંતાને</u> જોવા <u>ટોળું</u> જામ્યું હતું.

**સ. ૭ ઉદાહરણ પ્રમાણે કરો.** દા.ત. આવવું – આવ્યું.

| | | | |
|---|---|---|---|
| ૧) વાંચવું | – ...................... | ૨) લખવું | – ...................... |
| ૩) આપવું | – ...................... | ૪) બોલવું | – ...................... |
| ૫) શોધવું | – ...................... | ૬) માંગવું | – ...................... |

♦ **સંભાષણ :** તમે તમારી નાની બહેનને કે નાના ભાઈને હીંચકાવો છો. અચાનક તે હીંચકામાંથી બહાર પડી જાય છે. તેવા સમયે તમે શું કરશો તે કહી બતાવો.

### સ. ૮ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂરાં કરો.

૧) ગામડામાં લગભગ ...................................

(ક) પાંચસો – છસો ઘર હતાં. (ખ) સો – સવાસો ઘર હતાં.

(ગ) બસો – અઢીસો ઘર હતાં.

૨) નાનકડી શાંતાની ઉંમર ...............................

(ક) પાંચ વર્ષની હતી. (ખ) દસ વર્ષની હતી.

(ગ) બાર વર્ષની હતી.

૩) શાંતાએ દીપડાને ...................................

(ક) લાકડીથી માર્યો (ખ) દાતરડાથી માર્યો.

(ગ) સોંઢાથી માર્યો.

### સ. ૯ ‘સત્ય’ છે કે ‘અસત્ય’ તે ખાનામાં લખો.

૧) ગિરનારની તળેટીમાં એક શહેર છે. [ ]

૨) દીકરો કેશુ સાત વર્ષનો છે. [ ]

૩) માતા–પિતા બગીચામાં ફરવા ગયાં. [ ]

૪) ‘બહાદુર બાળા’ એક સત્ય ઘટના છે. [ ]

૫) શાંતાએ સિંહને ધરાશાયી કર્યો. [ ]

### સ. ૧૦ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ૧) ગરવું | ક) દાંત |
| ૨) અણિયાળા | ખ) શૌર્ય |
| ૩) વિકરાળ | ગ) કેશુ |
| ૪) વિરલ | ઘ) દીપડો |
| ૫) નાનો | ચ) ગુજરાત |

### સ. ૧૧ તમારા કોઈ બહાદુર મિત્રની બહાદુરી વિશે ૩થી ૪ વાક્યો લખો.



પ્રકલ્પ

♦ આવા બહાદુરીભર્યાં પ્રસંગો વર્તમાનપત્રો અથવા સામાયિકોમાંથી શોધીને તેનું કટિંગ (કાતરણ) પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.

## હું વાંચું ... તમે પણ વાંચો



### શાબાશ દીકરાને...

પાદરે ટહુકતા મધુર મોરલા રે લોલ !
શેરીએ છોરાંના એવા સાદ જો ;
દન રે ! આથમતાં ગીતો ગુંજવે રે લોલ !
હીંચકે ચઢીને બેની હીંચતી રે લોલ !
વીર તો ખેંચે છે હીરની દોર જો ;
દાદા હરખાતા દેખી ખાટલે રે લોલ !
હેત દાદાનાં ફૂલડે ફોરતાં રે લોલ !
વારતાઓ તો માંડે છે અપાર જો ;
પરીઓ, નદી ને ડુંગર દેશની રે લોલ !
દીકરો કહે છે ધેનુ ચારતા રે લોલ !
કહો દાદા ગોવાળિયાની વાત જો ;
વનમાં વગાડતો કાનો વાંસળી રે લોલ !
એક દન સાંભળવા સર્પ આવિઓ રે લોલ !
દીકરે પૂંછ પકડી ફેંક્યો દૂર જો ;
દાદાએ શાબાશી દીધી ખંતથી રે લોલ !

---

### અધ્યાપન સંકેત



'ચાલો વાંચીએ' અંતર્ગત આપેલ પ્રસંગ પહેલાં શિક્ષકે વાંચી પછી સમૂહવાંચન કરાવવું. ત્યાર પછી બહાદુરી અને પરાક્રમ દર્શાવતી વાર્તા કે પ્રસંગો બાળકો જાણતા હોય તેની ચર્ચા કર્યા પછી કૃતિનું અધ્યયન પ્રશ્નોની મદદથી કરવું. કૃતિનું અધ્યયન કરતી વખતે મૂલ્યમાપનમાં આપેલ કૃતિઓ નજર સામે રાખવી જરૂરી છે. બાળકો કેવા કેવા પ્રસંગે બહાદુરી બતાવી શકે તેની ચર્ચા કરવી. બાળકો પાસેથી તેમની બહાદુરીની કોઈ વાત ઉત્સાહથી સાંભળવી. મુશ્કેલીના સમયે હિંમત હાર્યા વગર બહાદુરીથી તેનો સામનો કરવાની પ્રેરણા આપવી.

**સાહસિક બનો, કાયર કે ડરપોક નહિ.**

# ૬. અમે મૈયારાં

♦ ચાલો ગરબે રમીએ.

અમે મૈયારાં રે ગોકુળ ગામનાં,
મારે મહીં વેચવાને જાવાં ... મૈયારાં રે.
મથુરાની વાટ મહીં વેચવાને નીસરી,
નટખટ એ નંદકિશોર માગે છે દાણજી,
મારે દાણ લેવાં ને દેવાં ... મૈયારાં રે.
માવડી જશોદાજી, કાનજીને વારો,
દુ:ખડાં દીએ હજાર નંદજીનો લાલો,
મારે દુ:ખ સહેવાં ને કહેવાં ... મૈયારાં રે.
જમુનાને તીરે કાનો વાંસળી વગાડતો,
ભૂલાવે સાનભાન ઊંઘથી જગાડતો,
મારે સાથ જોવાને જાવું ... મૈયારાં રે.
નરસિંહનો નંદકિશોર લાડકડો કાનજી,
ઉતારે આરપાર ભવભવનો ભારજી,
નિર્મળ હૈડાંની વાત કહેવાં ... મૈયારાં રે.



## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) દહીં – ....................  ૨) રસ્તો – ....................
૩) જકાત – ....................  ૪) માતા – ....................
૫) કિનારો – ....................  ૬) સ્વચ્છ – ....................

**સ. ૨ પ્રાસવાળા શબ્દો લખો.**

૧) લેવાં – ....................  ૨) આર – ....................
૩) સાન – ....................  ૪) સહેવાં – ....................

**સ. ૩ નમૂના પ્રમાણે લખો.** દા.ત. <u>નટખટ</u>

(છટ, ખટ, કટ, ઝટ, ચટ, રમ)

| | | |
|---|---|---|
| ૧) ......પટ | ૨) .........પટ | ૩) ......ઝટ |
| ૪) ......કટ | ૫) .........ઝટ | ૬) ......પટ |

**સ. ૪ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.**

(હું, આપણે, તમે, મને, અમે)

૧) .................... મૈયારાં છીએ.

૨) .................... વિદ્યાર્થી છો.

૩) .................... રમવા જઈશું.

૪) .................... મારી માતૃભાષા ગમે છે.

૫) .................... પ્રાર્થના કરું છું.

**સ. ૫ સહસંબંધ ધરાવતો શબ્દ લખો.** દા.ત. દુઃખ – <u>સુખ</u>

| | |
|---|---|
| ૧) વેચવું – ..................... | ૨) લેવું – ..................... |
| ૩) જગાડવું – ..................... | ૪) ઉતારવું – ..................... |

**સ. ૬ ઉદાહરણ પ્રમાણે વાક્ય બદલીને લખો.**

ઉદા. : કેશું સાત વર્ષનો હતો.

જવાબ : કેશું સાત વર્ષનો છે.

૧) માતાપિતા નોકરી કરવા ગયા.

૨) બહાદુર બાળકનું અભિવાદન કરવામાં આવ્યું.

૩) વરસાદ વરસતો બંધ થયો.

૪) અર્જુન નિશાન બરાબર તાકી શક્યો.

♦ **સંભાષણ :** કૃષ્ણના બાળપણનો કોઈ પણ એક પ્રસંગ વર્ગમાં મોટેથી કહો.
અથવા
કૃષ્ણ–સુદામાની મૈત્રી વિશે જાણતા હો તે કહો.

**સ. ૭ કહો જોઈએ.**

૧) મૈયારાનું ગામ – ........................................................................

૨) દાણ માંગનાર – ........................................................................

૩) મૈયારાને દુઃખ આપનાર – ..............................................................

૪) કાનો વાંસળી વગાડે છે તે સ્થળ – ....................................................

૫) ભવોભવનો ભાર ઉતારનાર – ............................................................

સ. ૮ કાવ્યની પંક્તિમાં ખૂટતો શબ્દ લખો.

૧) મથુરાની વાટ .................. વેચવાને નીસરી.

૨) દુઃખડાં દીએ હજાર ...........નો લાલો.

૩) જમુનાને તીર કાનો ........... વગાડતો.

૪) ભૂલાવે સાનભાન ..............થી જગાડતો.

સ. ૯ અર્થને આધારે કાવ્યપંક્તિ લખો.

૧) કાનો જમુનાના તીરે વાંસળી વગાડે છે.

૨) નટખટ કાનો ગોપીઓ પાસે દાણ માગે છે.

૩) નંદજીનો લાલો નરસિંહ મહેતાનો લાડકો છે.

સ. ૧૦ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

૧) મૈયારાં .......... ગામનાં છે.

(ક) ગોકુળ (ખ) મથુરા (ગ) વૃંદાવન

૨) નંદકિશોર ........... માંગે છે.

(ક) માખણ (ખ) દાણા (ગ) દાણ

૩) કાનો ...........ને તીર વાંસળી વગાડે છે.

(ક) ગંગા (ખ) જમુના (ગ) સરસ્વતી

સ. ૧૧ ગુજરાતનું લોકનૃત્ય રાસ-ગરબા છે.
તેવી રીતે નીચેનાં રાજ્યોનાં લોકનૃત્યોનાં નામ શોધીને લખો.

૧) પંજાબ – ..........................................

૨) મહારાષ્ટ્ર – ..........................................

૩) રાજસ્થાન – ..........................................

૪) તામિલનાડુ – ..........................................

૫) મધ્યપ્રદેશ – ..........................................

૬) ઓરિસા – ..........................................



પ્રકલ્પ

♦ કૃષ્ણની બાળલીલાના કોઈ પણ ચાર પ્રસંગોનાં ચિત્રો મેળવીને કાર્ડપેપર ઉપર ચોંટાડીને સરસ મજાનું ફોલ્ડર બનાવો.

## હું વાંચું ... તમે પણ વાંચો



કોઈ ગોતી દેજો રે, કોઈ ગોતી દેજો રે,
મારા કાનકુંવરિયાની ઝૂલણી,
હો મારા શ્યામ સુંદરિયાની ઝૂલણી.
સાવ રે સોના કેરી ઝૂલણી,
માંહી રૂપા કેરા ધાગા,
અવર લોકોને ઓપે નહિ મારા,
કાનકુંવરિયાના વાઘા રે ... મારા શ્યામ.
શેરીએ શેરીએ સાદ પડાવું ને,
ઘર ઘર મા'લું છું જોતી,
એ રે ઝૂલણીમાં કાંઈ નથી બીજું,
એને છેડે કળાયેલ મોતી રે ... મારા શ્યામ.
માતા જશોદા મહીં વલોવે ને
કાનો વળગ્યો કોટે,
એ રે ઝૂલણીને કારણિયે મારો,
લાડકવાયો લોટે રે ... મારા શ્યામ.

## અધ્યાપન સંકેત



આ કૃતિના અધ્યાપન માટે વિષયાભિમુખ કરવા. વિદ્યાર્થીઓને વર્ગમાં પ્રત્યક્ષ ગરબા રમાડવા. ત્યાર પછી પ્રશ્નો, કથન દ્વારા કૃતિનું અધ્યયન કરાવતાં કરાવતાં લોકનૃત્ય વિશેની માહિતી આપી ભારતનાં જુદાંજુદાં રાજ્યોનાં લોકનૃત્યોની માહિતીથી વાકેફ કરવા.

આ કૃતિના રચયિતા નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યના આદિકવિ છે. તેમનો અતિ સંક્ષિપ્ત પરિચય જરૂર આપવો. તેમના સમકાલીન કવિઓ વિશે પણ અછડતો ઉલ્લેખ કરવો. નરસિંહ મહેતાના 'જાગને જાદવા' પ્રભાતિયાનો ઉલ્લેખ પણ અવશ્ય કરવો.

**ઈશ્વર અત્ર - તત્ર સર્વત્ર વસે છે.**

# ૭. અમે કમર કસી

♦ **ચાલો રમીએ.**




| જૂથ - ૧ | જૂથ - ૨ | જૂથ - ૩ |
|---|---|---|
| રાષ્ટ્રપિતા | મહાત્મા ગાંધીજી | કરેંગે યા મરેંગે |
| ચાચા નેહરુ<br>શાંતિદૂત | પંડિત જવાહરલાલ નેહરુ | આરામ હરામ હૈ |
| લોકમાન્ય | બાળ ગંગાધર ટિળક | સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે. |
| નેતાજી | સુભાષચંદ્ર બોઝ | જયહિંદ |
| હિંદના દાદા | દાદાભાઈ નવરોજી | સ્વરાજ્ય |

નાનાં નાનાં બાળ કેવાં
રહ્યાં અમે હસી ;
ભલભલાની સામે થાવા
અમે કમર કસી ... નાનાં
હિંમત જોઈ અમારી દુશ્મન
રહેશે હાથ ઘસી ;
હાક પડે જ્યાં મા-ભોમની
અમે જઈશું ધસી ... નાનાં
એકેક બાળ સિંહ સરીખાં
જશે ના એ ખસી ;
ખુમારી આ જંગ ખેલવા
જુઓ દિલે વસી ... નાનાં



## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) કેદ – ...................... ૨) શત્રુ – ......................

૩) હાકલ – ...................... ૪) માતૃભૂમિ – ......................

૫) જુસ્સો – ...................... ૬) લડાઈ – ......................

**સ. ૨ જેમ સિંહ જંગલનો રાજા છે તેમ**

૧) ફૂલોનો રાજા – ............ ૨) ફળોનો રાજા – .............

૩) પંખીઓનો રાજા – ............ ૪) શાકભાજીનો રાજા – .............

**સ. ૩ ઉદાહરણ પ્રમાણે સહસંબંધ ધરાવતા શબ્દ લખો.**

દા.ત. નાના – મોટા

૧) હસવું – ...................... ૨) દુશ્મન – ......................

૩) હિંમત – ...................... ૪) ધરતી – ......................

**સ. ૪ હસી –** ..............., ..............., ..............., ..............., ...............

આવડે તેટલા પ્રાસવાળા શબ્દો લખો.

**સ. ૫ નમૂના પ્રમાણે લખો :** દા.ત. બાળક સિંહ–સરીખાં (કોલસા, પાંદડાં, દૂધ, રૂ)

૧) સસલા – ..........–સરીખાં ૨) પોપટ – ..........–સરીખાં

૩) કાગડા – ..........–સરીખાં ૪) બગલા – ..........–સરીખાં

♦ **સંભાષણ :** આપણા દેશની સરહદ ઉપર આપણા સૌની રક્ષા કરતાં સૈનિકો માટે બે–બે વાક્યો કહો.

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) બાળકોએ ............ કસી છે.

(અ) કમર (બ) હિંમત (ક) કોણી

૨) દુશ્મનો ............... જોઈને હાથ ઘસતા રહી જશે.

(અ) બાળકોની શક્તિ (બ) બાળકોની બહાદુરી (ક) બાળકોની હિંમત

૩) ...........ની હાકલ પડતાં જ બાળકો ધસી જશે.

(અ) ભારતમા (બ) માભોમ (ક) માતૃભૂમિ

૪) બાળકોનાં દિલમાં ........... વસી છે.

(અ) દયા (બ) કરુણા (ક) ખુમારી

**સ. ૭ નીચેનાં વાક્યો વાંચો. તે અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો.**

૧) સિંહ જેવાં બાળકો રણમેદાનમાંથી પાછા હઠશે નહિ.
૨) બાળકોએ દુશ્મનોનો સામનો કરવા કમર કસી છે.
૩) બાળકોની હિંમત જોઈ દુશ્મનો હાથ ઘસતાં રહી જશે.

**સ. ૮ કહો કોણ ?**

૧) કમર કસનાર – ..........................................
૨) હાથ ઘસતાં રહી જનાર – ..........................................
૩) હાકલ પાડનાર – ..........................................

**સ. ૯ કાવ્યના આધારે યોગ્ય ક્રિયાપદ લખો.**

| | |
|---|---|
| ૧) અમે કમર – .................. | ૨) રહ્યાં અમે – .................. |
| ૩) રહેશે હાથ – .................. | ૪) અમે જઈશું – .................. |
| ૫) જશે ના એ – .................. | ૪) જુઓ દિલે – .................. |

**સ. ૧૦ દેશની આઝાદીના જંગમાં શહીદ થનાર દેશભક્તોનાં નામની યાદી બનાવો.**

**પ્રકલ્પ**

એક સુંદર રાષ્ટ્રધ્વજ બનાવો.
અથવા
દેશભક્તિનાં પાંચેક ગીતોનો સંગ્રહ કરો.

**હું વાંચું ... તમે પણ વાંચો**

રોજ નિયમથી ભણતાં શીખો.
કામ સમયસર કરતાં શીખો.
છોડી દઈને ખોટી ટેવો,
સાદાઈથી તમે રહેતાં શીખો.
બનો સાહસિક આવે જે પણ સંકટ, તેને સહેતાં શીખો.
મંઝિલ પર પહોંચશો નિશ્ચિત, હંમેશાં આગળ વધતાં શીખો.

**અધ્યાપન સંકેત**

શરૂઆતમાં આપેલી માહિતીનો ઉપયોગ કરી જૂથમાં અનેક રમતો રમાડી શકાશે. શિક્ષકે પોતાની આંતરસૂઝથી રમત રમાડી વિષયાભિમુખ કરી પછી કૃતિનું સમૂહગાન કરાવી અધ્યયન કરાવવું. દેશપ્રેમ જાગૃત કરતા પ્રસંગો કહેવા. બાળકો પાસેથી સાંભળવા. દેશભક્તિનાં અન્ય ગીતોનું સમૂહગાન કરાવવું.

**દેશની સેવા કરવી એ સાચા નાગરિકની પવિત્ર ફરજ છે.**

# ૮. તેનાલીરામન

♦ **ચાલો વાર્તા સાંભળીએ.**



### હાજરજવાબી મુલ્લા

એક વાર મુલ્લા નસરુદ્દીન ડંફાસ મારતાં બોલી ગયા, 'મારા જેવો નિશાનબાજ કોઈ નહિ. હું નિશાન તાકું, પણછ ખેંચું ને તીર છૂટે સનનન...' એટલે નિશાન વીંધાયું જ સમજો. આ સાંભળી એક જણ તરત તીર-કામઠું લઈ આવ્યો ને મુલ્લાને આપતાં કહ્યું, 'લો મુલ્લાજી, ચડાવો તીર ને તાકો પેલું નિશાન'. મુલ્લાએ એક તીર લીધું, પણછ ખેંચીને તીર છોડ્યું પણ તીર નિશાન સુધી પહોંચ્યું જ નહિ, અધવચ્ચે જ પડ્યું. બધા હા-હા-હા કરતાં હસી પડ્યા ને બોલ્યા, 'બસ મુલ્લાજી, આવું જ તમારું નિશાન ને?' મુલ્લા ફટ કરતાં બોલ્યા, 'આ નિશાન મારું નહોતું; કાજીનું હતું. કાજી તીર કેમ છોડે છે એની મેં તમને નકલ કરી બતાવી'. હવે મુલ્લાએ બીજું તીર લઈને છોડ્યું. એ તીર પહેલાં કરતાં જરા આગળ પહોંચ્યું પણ નિશાન પર લાગ્યું નહિ. વળી બધા હસી પડ્યા ને બોલ્યા, ‘‘આ નિશાન તો તમે જ તાકેલું ને?'' મુલ્લા ઝટ બોલ્યા, 'ના, આ નિશાન પણ મારું નહોતું. આ નિશાન ‘‘કોટવાલનું હતું. કોટવાલ તીર કેમ છોડે છે એની મેં તમને નકલ કરી બતાવી'' કોઈ બોલ્યું, 'મુલ્લાજી હવે કોની નકલ કરી બતાવો છો?' આ સાંભળી બધા વળી ખડખડાટ હસ્યા. મુલ્લા કશું બોલ્યા નહિ, પણ ચૂપચાપ ત્રીજું તીર લીધું, નિશાન તાક્યું જોરથી ખેંચીને તીર છોડ્યું સનનનન...' સારા નસીબે આ વખતે તીર નિશાન પર લાગ્યું. બધા આંખો પહોળી કરીને જોઈ જ રહ્યા. કોઈ કંઈ બોલે એ પહેલાં જ મુલ્લા બોલી ઊઠ્યા, ‘‘જોયું ને, આ હતું બંદાનું નિશાન''.

---

અકબરના દરબારમાં હાજરજવાબી બીરબલ હતા તેમ રાજા કૃષ્ણદેવરાયના દરબારમાં તેનાલીરામન હતા. ગમે તેવા અઘરા પ્રશ્નોના જવાબ તરત જ આપી દેતા. જેની પાસે બુદ્ધિ, બળ અને હિંમત હોય તેને સૌ માન આપે. તેનાલીરામનનું પણ ખૂબ માન હતું. કૃષ્ણદેવરાય તેને પોતાની બાજુમાં બેસાડતા હતા.

કૃષ્ણદેવરાયના દરબારના સેનાપતિને તેનાલીરામનની ખૂબ ઈર્ષ્યા થતી. તેણે તેનાલીરામનને સાણસામાં લેવાનું નક્કી કર્યું. તેની આબરૂ રાખ થઈ જાય તેવા પ્રસંગની તે રાહ જોવા લાગ્યા. એક દિવસ સેનાપતિને સરસ તક મળી ગઈ. વરસાદ પડતો હોવાથી તેનાલીરામન સમયસર દરબારમાં પહોંચી શક્યા નહોતા. તે તક ઝડપીને સેનાપતિએ કૃષ્ણદેવરાયના કાન ભંભેર્યાં. રાજાએ સિપાઈને બોલાવી હુકમ કર્યો કે, 'તેનાલીરામન જે હાલતમાં હોય તે જ હાલતમાં હાજર કરો.'



સિપાઇઓ તેનાલીરામનના ઘરે પહોંચ્યા. તેનાલીરામન વરસાદ બંધ થવાની રાહ જોઈ પલંગમાં આડા પડ્યા હતા. થાક અને પવનને લીધે તેમને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ હતી. સિપાઇઓએ તેનાલીરામનને આ જ હાલતમાં લઈ જવાના છે એમ વિચારી પલંગ જ ઉઠાવ્યો. રસ્તામાં તેનાલીરામન જાગી ગયા. જાગતાંની સાથે જ તેમને ખ્યાલ આવી ગયો કે, કૃષ્ણદેવરાયના હુકમ સિવાય આ લોકો મને આમ ઉપાડવાની હિંમત ન કરે. હું આજે દરબારમાં મોડો પડ્યો એનું જ આ પરિણામ છે. રસ્તામાં એક ઝાડ આવતું હતું. તે ઝાડ વડનું હોવાથી તેની લાંબી વડવાઈઓ નીચે સુધી લટકતી હતી. તે તેનાલીરામન જાણતા હતા.

સિપાઇઓ જ્યારે ઝાડ નીચેથી પસાર થયા ત્યારે તેનાલીરામને એક વડવાઈ પકડી લીધી અને વડ ઉપર ચડી ગયા. બિચારા સિપાઇઓને ખ્યાલ પણ ન આવ્યો કે આપણે ખાલી પલંગ ઉપાડીને લઇ જઇએ છીએ.

બીજી બાજુ તેનાલીરામન ઝાડ પરથી નીચે ઊતરી ટૂંકા રસ્તેથી દોડતા દોડતા દરબારમાં પહોંચી ગયા. કોઈને ખ્યાલ ન આવે એમ પોતાની જગ્યાએ બેસી ગયા.

સિપાઇઓ પલંગને ચાર પાયાથી પકડીને હાજર થયા ત્યારે દરબારમાં હસાહસ થઈ ગઈ. સેનાપતિ તો ભારે ઉત્સાહમાં આવી ગયા, કારણ કે સિપાઇઓએ તેનાલીરામનને ઊંઘતા જ ઝડપ્યા હતા.


કૃષ્ણદેવરાયના સિંહાસન સામે પલંગ ઉતારી સિપાઇઓએ રાજાને સલામ ભરી. પછી કહ્યું, 'નામદાર આપની આજ્ઞા પ્રમાણે તેનાલીરામનને જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં હાજર કર્યાં છે.' રાજાએ પલંગમાં નજર કરી તો પલંગ ખાલી હતો.



સિપાઈઓ અને દરબારીઓ પણ દંગ થઈ ગયા. રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. તેમણે ગુસ્સે થઈને ત્રાડ નાંખી, 'ક્યાં છે તેનાલીરામન ?'

તરત જ તેનાલીરામન ઊભા થયા અને બોલ્યા, 'અન્નદાતા, હું અહીં દરબારમાં છું.' તેનાલીરામનને દરબારમાં હાજર જોઈ રાજાનો ગુસ્સો ઊતરી ગયો. તેમણે હસવું રોકીને પૂછ્યું, 'તમે દરબારમાં ક્યારે આવ્યા?' 'જ્યારે આપે જોયો ત્યારે, નામદાર', તેનાલીરામને કહ્યું. સેનાપતિના તો હોંશકોશ જ ઊડી ગયા. તેનાલીરામન હસતાં હસતાં પોતાના આસન પર બેસી ગયા.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) કચેરી | – ..................... | ૨) મુશ્કેલ | – ..................... |
| ૩) ઈજ્જત | – ..................... | ૪) મોકો | – ..................... |
| ૫) બૂમ | – ..................... | ૬) વડની ડાળી | – ..................... |

**સ. ૨ સહસંબંધ ધરાવતા શબ્દ લખો.**

દા.ત. સવાર – સાંજ

| | | | |
|---|---|---|---|
| ૧) વહેલો | – ..................... | ૨) જવાબ | – ..................... |
| ૩) ગેરહાજર | – ..................... | ૪) અપમાન | – ..................... |
| ૫) સહેલા | – ..................... | ૬) ઉત્તર | – ..................... |

સ. ૩ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

૧) દંગ થઈ દરબારીઓ ગયા અને સિપાઈઓ પણ

૨) ગુસ્સો હાજર જોઈ તેનાલીરામને ગયો રાજાનો ઊતરી

સ. ૪ નમૂના પ્રમાણે પાઠમાંથી શોધો : દા.ત. સરસ તક

| | |
|---|---|
| ૧) .......... પ્રશ્નો | ૨) ........ ઊંઘ |
| ૩) .......... વડવાઈ | ૪) ........ સિપાઈઓ |
| ૫) .......... પલંગ | ૬) ........ રસ્તે |

સ. ૫ રૂઢિપ્રયોગો અને તેના અર્થને યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ૧) ઊંઘતા ઝડપવું | ક) મુશ્કેલીમાં મૂકવું |
| ૨) દંગ થઈ જવું | ખ) ખોટી રીતે ઉશ્કેરણી કરવી |
| ૩) સાણસામાં લેવું | ગ) ફજેતી થવી |
| ૪) આબરૂ રાખ થઈ જવી | ઘ) નવાઈ પામવું |
| ૫) કાન ભંભેરવા | ચ) અચાનક પકડી પાડવું |

સ. ૬ નીચેનાં વાક્યોમાં યોગ્ય સ્થાને યોગ્ય વિરામચિહ્નો મૂકો.

૧) અન્નદાતા હું અહીં દરબારમાં છું

૨) ક્યાં છે તેનાલીરામન

૩) તેનાલીરામન જે હાલતમાં હોય તે જ હાલતમાં હાજર કરો

♦ સંભાષણ : અકબર–બીરબલની કોઈ પણ વાર્તા કે પ્રસંગ જે જાણતા હો તે વર્ગમાં કહો.

સ. ૭ કોણ બોલે છે ? કોને કહે છે ? તે શોધો.

૧) 'અન્નદાતા હું અહીં દરબારમાં છું.'

૨) 'તમે દરબારમાં ક્યારે આવ્યા ?'

૩) 'નામદાર આપની આજ્ઞા પ્રમાણે તેનાલીરામન જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં હાજર કર્યાં છે.'

સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

૧) સેનાપતિને તેનાલીરામનની ખૂબ ..........................

(અ) ઈર્ષ્યા થતી હતી. (બ) ચિંતા થતી હતી.

(ક) લાગણી થતી હતી.

૨) કૃષ્ણદેવરાયના હુકમ સિવાય આ લોકો મને આમ .......................
   (અ) મારવાની હિંમત ન કરે.   (બ) ઉપાડવાની હિંમત ન કરે.
   (ક) પકડવાની હિંમત ન કરે.

૩) તેનાલીરામને એક વડવાઈ પકડી લીધી અને .............................
   (અ) પીપળા ઉપર ચડી ગયા.   (બ) મકાન ઉપર ચડી ગયા.
   (ક) વડ ઉપર ચડી ગયા.

૪) સિપાઈઓએ તેનાલીરામનને .................................................
   (અ) ઊંઘતા જ ઝડપ્યા હતા.   (બ) દોડતાં દોડતાં પકડ્યા હતા.
   (ક) રંગે હાથ પકડ્યા હતા.

**સ. ૯ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧) અકબરના દરબારમાં હાજરજવાબી બીરબલ હતા. ..................................
૨) કૃષ્ણદેવરાયના દરબારમાં તેનાલીરામન હતા. .......................................
૩) તેનાલીરામન માત્ર સહેલા પ્રશ્નોના જ જવાબ આપી શકતા. .........................
૪) તેનાલીરામન દરબારમાં સમયસર પહોંચી ગયા હતા. ................................
૫) લાંબી વડવાઈઓ નીચે સુધી લટકતી હતી. .........................................

**સ. ૧૦ કહો કોણ ?**

૧) રાજા કૃષ્ણદેવરાય મને પોતાની બાજુમાં બેસાડતા ..................................
૨) મને તેનાલીરામનની ઈર્ષ્યા થતી. ..................................................
૩) ઝાડ નીચેથી પસાર થતાં તેનાલીરામને મને પકડી લીધી ...........................
૪) અમે દરબારમાં પલંગ જ ઊંચકી લાવ્યા. ............................................
૫) મેં સિપાઈઓને તેનાલીરામનને લાવવાનો હુકમ કર્યો. ...............................

**સ. ૧૧ કોઈપણ બે રમૂજી ટુચકા લખો.**



**પ્રકલ્પ**

♦ દરેક બાળક અકબર–બીરબલ, કૃષ્ણદેવરાય–તેનાલીરામન, રાજા ભોજ–કવિ કાલિદાસના એક એક પ્રસંગ કાર્ડપેપર ઉપર ચિત્ર સાથે લખી લાવો. પછી આખા વર્ગનો એક સામૂહિક ગ્રંથ બનાવો. તેને સુંદર નામ આપો.

## હું વાંચું ... તમે પણ વાંચો



### પાંચ હજાર કે પંદર હજાર ?

કૃષ્ણદેવરાયના દરબારમાં એક ઘરડો માણસ અને એક યુવક આવીને ઊભા રહ્યા. વૃદ્ધે કહ્યું, ‘રાજાજી, આ જુવાનનો પિતા મારો ખાસ ભાઈબંધ હતો. મરતાં પહેલાં તેણે છોકરાને ઉછેરવાનું કામ મને સોંપ્યું. સાથે વીસ હજાર સોનામહોરો આપીને કહ્યું કે મારો છોકરો મોટો થાય ત્યારે આ સોનામહોરમાંથી તને ગમે તેટલી તેને આપજે. બાકીની તેં કરેલા ખર્ચ પેટે રાખી લેજે. હવે હું આ જુવાનને પાંચ હજાર સોનામહોરો આપું છું પણ એ લેતો નથી. આપ જ ન્યાય કરો કે મારે એને કેટલી મહોરો આપવી? રાજાએ ચતુર તેનાલીરામન સામે નજર કરી. તેનાલીરામને વૃદ્ધને પૂછ્યું, ‘આ બે થેલીઓમાં કેટલી કેટલી મહોરો છે?’ વૃદ્ધે કહ્યું, ‘એકમાં પાંચ હજાર અને બીજામાં પંદર હજાર છે.’ તેનાલીરામને પૂછ્યું, ‘તમને કઈ થેલી ગમે છે?’ વૃદ્ધે કહ્યું, ‘મને પંદર હજાર મહોરોવાળી થેલી ગમે છે.’

તેનાલીરામને તરત જ ન્યાય આપતાં કહ્યું, ‘બસ ત્યારે, એ થેલી આ જુવાનને આપી દો.’ વૃદ્ધે દલીલ કરી કે ‘એના પિતાએ તો મને ગમે એટલી જ મહોરો છોકરાને આપવાનું કહ્યું હતું.’

‘તેથી જ તો હું છોકરાને પંદર હજાર મહોરો આપવાનું કહું છું.’ વૃદ્ધને સમજાયું નહિ તેથી પૂછ્યું, ‘એ કેવી રીતે ?’

(બાલમિત્રો, તમે કહી શકશો કે કેવી રીતે ? થોડીવાર વિચાર કરો પછી જવાબ ન મળે તો આગળ વાંચો.)

જુવાનના પિતાએ કહ્યું છે કે ‘તમને ગમે તેટલી મહોરો છોકરાને આપજો. તમને પંદર હજાર મહોરો ગમે છે, એટલે તેટલી મહોરો તમારે છોકરાને આપવી પડશે.’ તેનાલીરામનનો આ ચતુરાઈભર્યો ન્યાય સાંભળી જુવાન, રાજા તથા દરબારીઓ પણ ખુશ થઈ ગયા.

## અધ્યાપન સંકેત



શરૂઆતમાં આપેલી વાર્તા આરોહ–અવરોહ સહિત કહેવી. પછી બાળકો પાસે મોટેથી સમૂહવાંચન કરાવવું. તે વાર્તાનો મધ્યવર્તી વિચાર સમજાવીને કહેવો. ત્યારપછી પ્રસ્તુત કૃતિનું અધ્યયન કરાવવું. અધ્યયન પણ વાર્તા પદ્ધતિથી કરાવી શકાય. લઘુપ્રશ્નોની મદદથી બાળકોને સક્રિય રાખવા. કૃતિનું વિષયવસ્તુ સમજાઈ ગયા પછી નાટ્યીકરણ કરાવી વર્ગના વાતાવરણને આનંદદાયી બનાવવું. રાજા ભોજ અને કાલિદાસ તેમજ અકબર–બીરબલના ઓછા પરિચિત પ્રસંગો જાણી વિદ્યાર્થીઓને કહેવા. જેથી પ્રકલ્પમાં વિવિધતા લાવી શકાય.

**બુદ્ધિ આગળ બળ પાણી ભરે.**

## ઉપક્રમ – ૨

♦ નીચેના 'શબ્દસમૂહ', 'રૂઢિપ્રયોગ' અને 'કહેવત' સમજીને તેનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો.

**શબ્દસમૂહ :**

ઉદા : નાક બોળવું – આબરુ જવી

વાક્ય : દીકરાએ માથે કરજ કરી બાપનું નાક બોળ્યું.

૧) જંગે ચઢવું

૨) જતન કરવું

૩) મરક મરક થવું

૪) ફતેહ થવું

૫) ઘાંટો પાડવો

૬) શરણે થવું

**રૂઢિપ્રયોગ :**

ઉદા : પીઠ થાબડવી – શાબાશી આપવી

વાક્ય : સારું કામ કરનારની પીઠ થાબડવી જોઈએ.

૧) માથું મારવું

૨) ધ્રાસકો પડવો

૩) જીવ હેઠો બેસવો

૪) આંખ આડા કાન કરવા

૫) ટાંટિયાની કઢી થવી

**કહેવત :**

ઉદા : ચેતતા નર સદા સુખી – સાવધાન રહેનાર વ્યક્તિ મુશ્કેલીમાંથી ઉગરી જાય છે.

વાક્ય : પોતાના કામ ચેતીને કરનાર વ્યક્તિ હંમેશાં સુખી રહે છે.

૧) જાત મહેનત ઝિંદાબાદ

૨) સંપ ત્યાં જંપ

૩) હસે તેનું ઘર વસે

૪) ન બોલ્યામાં નવ ગુણ

તમારા પરિસરમાં રહેતાં પ્રાણીઓને નિહાળો. મુશ્કેલીમાં હોય ત્યારે તેમની મદદ કરો.
તેઓ મૂંગાં છે, તેમનો અવાજ બનો.





મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

गुजराती साहित्य परिचय इयत्ता ६ वी

₹ 27.00